# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૨૮-૦૩-૨૦૨૪ ગુરુવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ગુજરાત લોકસભા ચૂંટણી-તૈયારી:

રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારી દ્વારા ગુજરાતમાં લોકસભા ચૂંટણી તેમજ પેટા ચૂંટણી માટે તૈયારીઓ સુનિશ્ચિત કરી દેવામાં આવી છે. મતદારોને EPIC કાર્ડ સમયસર મળી જાય તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે.

આચારસંહિતા ભંગ તેમજ ચૂંટણી ખર્ચ પર દેખરેખ માટે કંટ્રોલરૂમ શરૂ કરી દેવાયા છે. તેમજ કોઈપણ મતદારને મત આપવા માટે સમસ્યા ન સર્જાય તે માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે. સાથે જ ફ્લાઈંગ સ્કોડ દ્વારા રાજ્યમાંથી રોકડ , સોનું, ચાંદી દારૂ અને ચરસ સહિત 42 કરોડ 62 લાખની વસ્તુઓ ઝડપી લેવામાં આવી છે. તેમજ સરકારી અને ખાનગી મિલકતો ઉપરથી પ્રચાર સાહિત્ય દૂર કરવામાં આવ્યું છે.

- (RNU અમદાવાદ)

---

## ડીગ્રી એંજી. અને ફાર્મસી-પ્રવેશ પ્રક્રિયા:

ધોરણ – 12 પછીની ડિગ્રી એન્જિનિયરિંગ, ફાર્મસી કોર્સની બેઠકોમાં 2024-25 માં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરાયો છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં બીજી એપ્રિલથી 15મી મે સુધી રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલશે. જ્યારે ફાર્મસીમાં નવ એપ્રિલથી 28મી મે સુધી રજિસ્ટ્રેશન કરી શકશે. રેગ્યુલર વિદ્યાર્થી, શિક્ષણ બોર્ડની ઈમ્પ્રૂવમેન્ટ એકઝામ આપનારા તેમજ પૂરક પરિક્ષા આપનારા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન પ્રક્રિયા ભાગ લઈ શકશે. પ્રથમ રાઉન્ડમાં રજિસ્ટ્રેશન ન કરનારા નોન રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ માટે 21મીથી 25મી જૂન દરમિયાન પ્રવેશ કાર્યવાહી રાખવામાં આવી છે.

- (RNU અમદાવાદ)

---

## ગરમીનો પ્રકોપ:

માર્ચ મહિનાના અંત ભાગમાં જ ગરમીએ પોતાનો પ્રકોપ દેખાડવાનું શરૂ કરી દીધું છે. જિલ્લા મથક ભુજમાં મંગળવારે 41.6 ડિગ્રી તાપમાન પહોંચતા આ સ્થળ ન માત્ર રાજ્યનું પરંતુ

દેશનું સૌથી વધુ ગરમ મથક બની ગયું હતું. હવામાન વિભાગે વધુ બે દિવસ હિટવેવની આગાહી કરી છે. આ અંગે ભુજ હવામાન વિભાગના વડા પ્રીતિ શર્માએ આ પ્રમાણે જણાવ્યું હતું.... (બાઇટ : પ્રીતિ શર્મા)

- (પરેશ મારુ)

---

## લોકસભા ચૂંટણી-કચ્છ સુસજ્જ:

દેશભરમાં આયોજિત થનાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે નિષ્પક્ષ મતદાન થાય તથા તમામ નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રાજ્ય ચૂંટણીપંચના દિશાનિર્દેશ અનુસાર કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જ છે. મતદારો અને જાગૃત નાગરિકોને વિવિધ એપ્લિકેશન અને વેબ પોર્ટલના માધ્યમથી અલગ અલગ પ્રકારની સુવિધા આપવામાં આવી રહી છે.

નાગરિકો આચારસંહિતા ભંગની ફરિયાદ સી-વિજિલ મોબાઈલ એપ પર પણ નોંધાવી શકે છે. આ ફરિયાદ ફોટો , વીડિયો કે ઓડિયો એમ કોઈપણ સ્વરૂપે નોંધાવી શકાય છે. કચ્છ જિલ્લામાં સી-વિજિલની અત્યારસુધીમાં ૨૩ ફરિયાદો આવી છે , જેનું તત્કાલ નિવારણ કરી દેવામાં આવ્યું છે. અત્યાર સુધી જિલ્લામાં વિવિધ માધ્યમો થકી કુલ ૨૪૯ ફરીયાદો આવી હતી. જેમાંથી ૨૪૮નો નિકાલ કરી દેવાયો છે.

- (માહિતી ખાતુ)

---

## માર્ચ એન્ડીંગ-રજાઓમાં કામકાજ ચાલુ:

નાણાકીય વર્ષ 2023-24 હવે પૂર્ણતાના આરે છે ત્યારે માર્ચ એન્ડિંગને લઇને જિલ્લાની સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં કામનું ભારણ ન વધે તે માટે કામગીરીના સમયમાં દોઢ કલાકનો વધારો કરવામાં આવ્યો છે. જે મુજબ બે દિવસ કચેરીઓ 9.30 વાગ્યાથી કાર્યરત થઇ જશે. વધુમાં શુક્રવારે ગુડ ફ્રાઇડેની જાહેર રજા હોવા છતાં પણ તમામ કચેરીઓ ચાલુ રહેશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ભુજ ન.પા.-રજાઓમાં વેરા વસુલાત કામગીરી:

ભુજ નગરપાલિકાની મિલકત માલિકો પાસેથી વેરા અને વિવિધ સેવા ચાર્જ વસુલાત અંતિમ તબક્કામાં પહોંચી છે. 29 તારીખે ગુડ ફ્રાઈડે અને 31મી તારીખે રવિવારે રજાના દિવસે પણ સવારથી સાંજ સુધી 8 કલાક ટેક્સ બ્રાન્ચ ખુલ્લી રહેશે.

- (સ્થાનિક સમાચારપત્ર)